CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

મંગળવાર ૧૯ માર્ચ, ૨૦૨૪



# છોટાઉદેપુરના આદિવાસીઓનો ભંગોરિયા હાટ શરૂ



મધ્યપ્રદેશ સરહદને અડીને આવેલો ગુજરાતનો છોટાઉદેપુર જિલ્લો મોટા ભાગે આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે, હોળી ની અગાઉ એક સપ્તાહ પહેલા આ વિસ્તારમાં ભંગોરીયા હાટની શરૂઆત થઈ જતી હોય છે. છોટાઉદેપુર જિલ્લા નાં આદિવાસી સમાજનાં વાલસિંગભાઈ રાઠવા જણાવે છે કે ભંગોરીયા હાટમાં ખાસ કરીને જુવાનિયાઓ પહેરવા માટે એક જ ડિઝાઈને તૈયાર કરવામાં આવેલા કપડાં ઉપરાંત આદિવાસી યુવતીઓ એકજ ડિઝાઈનર કપડાં ઉપરાંત પારંપારિક આભૂષણો જેવા કે ચાંદીના હાર, ચાંદીની હાંહડી,ચાંદીના કલ્લાં ( કડીવાળાં અને મૂંડળીયા, એમ બે પ્રકારના) ચાંદી ના કડાં, ચાંદીના આંમળીયા, ચાંદીના પાંચીયા, ચાંદીના બાહટીયાં, ચાંદીની હાંકળી(સાંકળી), ચાંદીના કહળા (કંદોરા), કેડ ઝૂડો, ચાંદીના લોળીયા, ચાંદીના વિટલા, ચાંદીની ફાંસી વગેરે ખાસ કરીને ચાંદીના જ આભૂષણો નો ભરપૂર ઉપયોગ કરતા હોય છે, જ્યારે આદિવાસી યુવાનો ચાંદીના ભોરીયાં, ચાંદીના કડાં ચાંદીના કાંટલા (બટન) ,ચાંદીની કિકરી, કહળો (કંદોરા) વગેરે આભૂષણો થી સજ્જ થઈ ને ભંગોરીયા હાટ ની મજા માણવા ઉમટી પડે છે.

**પ્રાચીન સમયથી હોળીનાં તહેવાર પૂર્વે ભરાતા ભંગોરીયા હાટની સોમવારથી શરુઆત થઈ, વિવિધ જગ્યાઓએ સતત એક સપ્તાહ સુધી યોજાશે**





તસવીર : સંજય સોની, પંકજ પટેલ

## એક જ સરખો પહેરવેશ ગામની આગવી ઓળખ

એક જ ડિઝાઇન ના પહેરવેશ માં સજ્જ પોતાના ગામ કે પોતાના ફળીયા ની એક પ્રકારની એકતા અને વિશેષતા બતાવવા નો પ્રયાસ કરાતો હોય છે, એક જ ડિઝાઇનર કે એક જ રંગ ના કપડાં પહેરવા માટે નો હેતુ એ પણ રહેલો છે કે ભંગોરીયા હાટ ની એટલી મોટી ભીડમાં પોતાનો સાથી કે પોતાની સહેલી ક્યાંક અટવાઈ કે ભૂલા ન પડે અને ક્યાંક ભૂલા પડી ગયા હોય ત્યારે સરળતાથી મળી જાય..! ભંગોરીયા હાટ માં આદિવાસી ઓ પોતાના પરંપરાગત આદિવાસી પહેરવેશ માં સજ્જ થઇ પોતાની આગવી ઓળખ અને પોતાની બેનમૂન આદિવાસી સંસ્કૃતિ ની ઝાંખી કરાવતાં હોય છે,અને આદિવાસી સંસ્કૃતિ ને ઉજાગર અને જીવંત રાખવા નો પ્રયાસ કરતા હોય છે. અહીં નાં આદિવાસી ઓ ભંગોરીયા ને ભોંગર્યા હાટ તરીકે પણ ઓળખતા હોય છે,હાટ માં હોળી ની ખરીદી ઉપરાંત મોટલા ઢોલ અને વાંહળી ઓ ખડખળીસ્યા તેમજ તેમની ઓળખ સમા તીરકાંમઠા અને ધારીયાં -પાળીયાં સાથે ગામેગામ થી પ્રાચીન સમયથી ગવાતાં ગીતો ગાતા ગાતા આકર્ષક પરંપરાગત વસ્ત્રો પરિધાન કરીને ઉમટી પડતા હોય છે જ્યાં એકમેક બની નાચગાન કરી ખુબ આનંદ લૂટતા હોય છે. આમ ભંગોરીયા હાટ એ પૂરા વર્ષ દરમ્યાન પોતાના કામમાં વ્યસ્ત બની રહેતા અહીં ના આદિવાસી લોકો માટે હળવાશ અનુભવી આનંદ ઉત્સાહ મનાવવા માટે નુ સ્ટેજ છે.









### ૧૮ માર્ચથી છોટાઉદેપુર અને મધ્યપ્રદેશના સરહદી વિસ્તારોમાં ભરાતા ભંગોરીયા હાટ

**સોમવાર** : છોટાઉદેપુર જિલ્લાના કવાંટ, મધ્યપ્રદેશના અલીરાજપુર,ભાભરા,બડાગુડા.

**મંગળવાર** : સાગટાળા, મધ્યપ્રદેશના વખતગઢ, આંબુઆ.

**બુધવાર** : છોટાઉદેપુર નાં રંગપુર(સ), મધ્યપ્રદેશના ચાંદપુર,બરઝર, ખટ્ટાલી,બોરી.

**ગુરુવાર** : છોટાઉદેપુર નાં દેવહાટ,ભીખાપુરા, મધ્યપ્રદેશના ફૂનમાલ, સોંઢવા,જોબટ.

**શુક્રવાર** : છોટાઉદેપુર નાં ઝોઝ, મધ્યપ્રદેશના કટ્ઠીવાડા,વાલપુર,ઉદયગઢ.

**શનિવાર** : છોટાઉદેપુર, મધ્યપ્રદેશના નાનપુર,ઉમરાલી.

**રવિવાર** : છોટાઉદેપુરનાં પાનવડ મધ્યપ્રદેશના છકતલા, સોરવા, આમખૂટ, ઝિરણ, કનવાડા,કુલવટ

### લોકો હોળી પર્વની વસ્તુઓની ખરીદી કરે છે



છોટાઉદેપુર જીલ્લામાં ભરાતા ભંગોરીયા એ કોઇ તહેવાર કે મેળા નહીં પણ હોળી ના અગાઉના સપ્તાહમાં જે સ્થળે અઠવાડિક હાટ ભરાઈ છે તે જ સ્થળે હોળીના તહેવાર માટેની ખરીદી માટે ભરાતો પારંપારિક વિશેષ હાટ છે, જેમાં અહીંના આદિવાસી લોકો હોળી પર્વ માટેની જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત હોળીના તહેવાર માટે ની વિશેષ ખરીદી માટે ઉમટી પડતા હોય છે, સાથે આદિવાસી વાજિંત્રો વાંસળી તથા મોટલા ઢોલ અને કરતાલ ના તાલે નાચગાન કરીને હોળી પૂર્વેના ભંગોરીયા હાટની મોજ માણતા હોય છે.



## વૃક્ષો થકી પર્યાવરણની જાળવણી માટે કેટલીક સંસ્થાઓ દ્વારા લોકજાગૃતિ લાવવા પ્રયાસો

# વૈદિક હોળી થકી ઉજવીએ ઈકોફ્રેન્ડલી હોળી

॥ સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા ॥



હિન્દુ ધર્મમાં હોળી પર્વનું આગવું મહત્વ છે. આ વર્ષે તા. 24મી માર્ચે હોળીના પર્વને મનાવવામાં આવશે. શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર હોળીના આઠ દિવસ પહેલાંના દિવસોને હોળાષ્ટક તરીકે ગણવામાં આવે છે હોળી પર્વ એ પ્રાચિનકાળથી ઉજવવામાં આવતો પર્વ છે લોકો હોળી પર્વે અસંખ્ય વૃક્ષોનું નિકંદન કાઢે છે જેના કારણે વૃક્ષોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે વૃક્ષોની સંખ્યામાં ઘટાડો થતાં મુંગા પક્ષીઓના આશ્રયસ્થાનો પણ છિનવાઈ ગયા છે સાથે સાથે વૃક્ષોના નિકંદન જ્યારથી માનવીઓએ કર્યા છે ત્યારથી તેની અસર વાતાવરણ પર પડી રહી છે જેને ગ્લોબલ વોર્મિંગની અસર થકી જોવા મળી રહી છે. કોરોનાકાળમા લોકોએ ઓક્સિજનની અછતને મહેસૂસ કરી હતી અને ઓક્સિજનનુ શું મહત્વ છે તથા પર્યાવરણ જાળવણી કેમ જરૂરી છે તે અંગે લોકો જાગૃત થઈ રહ્યાં છે શહેરમાં કેટલીક સંસ્થાઓ પર્યાવરણ જાળવણી અને વૃક્ષોના નિકંદન અટકે સાથે જ વાતાવરણ શુધ્ધ થાય તેવા પ્રયાસો કરી રહ્યાં છે. તરસાલીના ધનિયાવી રોડ સ્થિત ચિખોદરા ગામ ખાતે આવેલ કામધેનુ સેવા સંવર્ધન ટ્રસ્ટ જેના ટ્રસ્ટી શ્રૃતી સિંગ તથા તેમના સભ્યો દ્વારા છેલ્લા ઘણા સમયથી સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ના સૂત્ર અંતર્ગત વૈદિક હોળી માટે કાર્યરત છે.







### વૈદિક હોળી એટલે શું?

સામાન્ય રીતે હોળી પર્વ ગ્રામ્ય, શહેરોમાં મોટા પ્રમાણમાં ઉજવવામાં આવે છે કામધેનુ સેવા સંવર્ધન દ્વારા સસ્તા દરે વૈદિક હોળીની સામગ્રી સાથેના કિટનુ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. આ કીટમા ગાયના છાણાં, ગાયનું શુધ્ધ ઘી, તેલ, સાત પ્રકારના ધાન , કપૂર, ગુગળ-, હવનસામગ્રી તદુપરાંત સમીધ, એક શ્રીફળ, પૂજાપો અને ઘાસ આપવામાં આવે છે સંસ્થા દ્વારા વૈદિક હોળીને ગોઠવવામાં પણ મદદ કરાય છે દરવર્ષે આ સંસ્થા નિખિલ પુરોહિતની આગેવાનીમાં શહેરના માંડવી ખાતે લોકજાગૃતિ કાર્યક્રમ યોજે છે ઇકોફ્રેન્ડલી હોળી પ્રકટાવી ઉજવણી પણ કરે છે.





## મહેન્દ્રસિંહ દેવધરાનું સોલો પેઈન્ટિંગ એક્ઝીબિશન









આપણી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારીતાને પ્રોત્સાહિત કરવાના શુભ હેતુથી મહેન્દ્રસિંહ દેવધર દ્વારા બનાવઆયેલા પેઈન્ટિંગ્સનું બીજું સોલો (one man show) પ્રદર્શન જેતલપૂર રોડ સ્થિત ગાડગીલ આર્ટ ગેલેરીમાં શહેરના આંતરરાષ્ટ્રીય સુપ્રસિધ્ધ સિનીયર કલાકાર શજયંતભાઇ પરીખ અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર રાજેન્દ્ર દિંડોરકર તેમજ શહેરના કલાના ક્ષેત્ર સાથે સંકળાયેલ અન્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કર્યા બાદ સરસ્વતી માતાજીની પ્રાર્થના પછી ખુલ્લું મુકવામાં આવ્યું. આ પ્રદર્શનમાં કેનવાસ પર ઓઈલ તેમજ એક્રેલિક કલરથી તથા પેપર પર પણ એક્રેલિક તેમજ વોટર કલરથી બનાવેલા પેઈન્ટિંગ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા છે .. આપણા ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિને લોકભોગ્ય બનાવવા માટે કલાકારના હૃદયની ઉર્મીઓને આ રિયાલિસ્ટિક તેમજ સેમી-રીયાલિસ્ટીક અને અર્થસભર રચનાત્મકતાને પેઈન્ટિંગ્સ દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉપસ્થિત મહાનુભાવોએ પ્રદર્શિત પેઈન્ટિંગ્સ તેમજ મારી કલાયાત્રા બાબતે પોતાની લાગણીસભર અભિવ્યક્તિને શુભેચ્છાઓ આપી હતી.

### એક્રેલિક તેમજ વોટર કલરથી બનાવાયા ચિત્રો